**<u>:: ગોંડલ મ્હે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુ.ગોંડલ, જી.રાજકોટ. ::</u>**

<u>ગોંડલ સીટી બી–ડીવીઝન પોલિસ સ્ટેશન એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૯૪૨૬૦૨૯૮/૨૦૨૬</u>

**અરજદાર : રૈયાણી દીવ્યેશ ખોડાભાઇ**
રહે. સરદાર ચોક, પ્લોટ વિસ્તાર,
વેજાગામ, રાજકોટ.

**<u>:: વિરૂદ્ધ ::</u>**

**સામાવાળા : શ્રી સ ર કા ર**

**બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–<u>૪૯૭ મુજબ મુદ્દામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ.</u>**

---

**સરકાર તરફે : વિ.એ.પી.પી.શ્રી એસ.એસ.ખરાડી.**
**અરજદાર તરફે : વિ.વ.શ્રી એમ.એમ.સોજીત્રા.**

---

:: ORDER ::

(૧) અરજી વંચાણે લીધી. અરજદાર તરફે રજુ મુદ્દામાલ વાહનની આર.સી. બુકની નકલ તેમજ દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા તેમજ પોલિસ અભિપ્રાય વંચાણે લીધેલ છે. વિદ્વાન એડી.પી.પી.શ્રી ને સાંભળ્યા તથા અરજદારના વિદ્વાન વકિલશ્રી ને સાંભળ્યા. તેમજ આ કામના આરોપી નં.૪ ના વિદ્વાન વકિલશ્રી ને સાંભળ્યા. વધુમાં, આ કામના આરોપી નં.૪ નાઓ તરફે રજુ થયેલ **આંક–૦૯** ના વાંધા ધ્યાને લીધા. તેમજ **આંક–૧૦** થી આરોપી નં.૪ તરફે દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ થયેલ છે. જેમાં, અરજદારે ધર્મેશભાઇ મકવાણાને સદર મુદ્દામાલ વાહન ક્રેટા મોટરકારનું વેચાણ કરેલ, તેનું નોટરી રૂબરૂનું લખાણની નકલ રજુ રાખેલ છે. તેમજ ધર્મેશભાઇ મકવાણાએ નોટરી રૂબરૂ હાલના વાંધેદારને સદર મુદ્દામાલ વાહનનું વેચાણ કરેલાનું લખાણની ઝેરોક્ષ નકલ રજુ રાખેલ છે.

(૨) આ કામના અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવાની હાલની અરજી આપીને જણાવેલ છે કે, પોલિસે સદર કામના આરોપી નં.૪ નાઓ પાસેથી જપ્ત કરેલ મુદ્દામાલ અરજદારની માલિકી, કબ્જા ભોગવટાનું મુદ્દામાલ વાહન **HYUNDAI MOTOR INDIA LTD.** કંપનીની **મોટરકાર** છે. જેનું મોડેલ **CRETA 1.4 CRDi, Colour- P-WHITE** નું છે અને જેના **રજીસ્ટ્રેશન નં.GJ-01-RV-4896** છે અને જેના **એન્જીન નં.D4FCGM174447** તથા **ચેસીસ નં. MALC181RLGM158867** છે જે સદર મુદ્દામાલ વાહન **ગોંડલ સીટી બી–ડીવીઝન પોલિસ સ્ટેશન એ–પાર્ટ ગુ.ર.નં.૧૧૨૧૩૦૯૪૨૬૦૨૯૮/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૫૪ તથા મની લેન્ડ એક્ટ કલમ–૫, ૪૦, ૪૨** મુજબના ગુનાના કામે પોલિસે મુદ્દામાલ તરીકે તેને કબ્જે લીધેલ તથા સદર મુદ્દામાલ વાહનના માલિક અરજદાર છે અને મુદ્દામાલ વાહન હાલમાં પોલિસ સ્ટેશનમાં પડી રહેલ છે અને પોલિસ સ્ટેશનમાં મુદ્દામાલ વાહન મુકવા માટે કોઈ અલાયદી વ્યવસ્થા નથી. તેમજ લાંબો સમય વાહન બિનવપરાશમાં પડી રહેવાથી તેની મશીનરી ખોટકાઇ જાય અને સ્પેર પાર્ટસ નકામા થઇ જાય તેમ છે. જેથી અરજદારને મોટું આર્થિક નુકશાન થવાનો સંભવ છે. તેમજ મુદ્દામાલ વાહન અરજદારના માટે રોજીંદા વપરાશનું તેમજ આજીવીકાનું સાધન છે અને અંગત ઉપયોગ માટે ખુબ જ જરૂરી છે. જેથી યોગ્ય રકમના બોન્ડ તથા યોગ્ય શરતોએ મુદ્દામાલ વાહન પરત સોંપવા માંગણી કરેલ છે.

(૩) આ કામે અરજદારની અરજી અનુસંધાને, પોલિસ અભિપ્રાય મંગાવતા, ગોંડલ સીટી બી–ડીવીઝન પોલિસ સ્ટેશન તરફથી લેખિત અભિપ્રાય રજુ થયેલ છે અને તેની સાથે મુદ્દામાલ રીક્વર કરેલાનું પંચનામું તથા મુદ્દામાલ પાવતી રજુ કરેલ છે. તેને ધ્યાને લેતા પોલિસ અભિપ્રાયમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીને કોઈ આધાર પુરાવા વગર કોઈ લાયસન્સ વગર ૧૦% ના ઉંચા વ્યાજે પૈસા આપી, ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી, પૈસાની ગેરેન્ટી પેટે ફરીયાદી પાસેથી બળજબરીથી ફરીયાદીના હવાલાવાળી સદર મુદ્દામાલ વાહન ક્રેટા ગાડી નં.

GJ-01-RV-4896 વાળી પડાવી લઈ, વ્યાજની ઉઘરાણી કરી, એકબીજાની મદદગારી કરેલ હોય અને આ કામના આરોપી નં.૪ નાઓ પાસેથી મુદ્દામાલ વાહન મળી આવેલ હોય. જેથી અરજદારને મુદ્દામાલ કોર્ટની શરતોને આધિન પરત કરવાનો અભિપ્રાય થાય છે. વધુમાં, સરકાર પક્ષેથી વિ.એ.પી.પી.શ્રી એ પણ હાલનો મુદ્દામાલ પોલિસના અભિપ્રાય મુજબ માલિકીનો આધાર પુરાવો જોઈ તપાસીને મુદ્દામાલ સોંપવામાં આવે તો વાંધો નથી તેવો શેરો કરેલ છે. આ કામે સદર ગુનાની તપાસના કામે તપાસ કરનારને વાહનની જરૂરીયાત હોય તેવુ જણાતુ નથી. વળી, સદર મુદ્દામાલ વાહન પંચનામું કરી કબ્જે કરેલ છે. જેથી તેની ઓળખ અંગે કોઇ પ્રશ્ન પણ ઉદ્ભવવાની શક્યતા રહેલી નથી તેમજ હાલના અરજદાર સિવાય બીજા કોઇએ તેની માંગણી કરેલી નથી. વધુમાં, જ્યારે તપાસના કામે કે બીજી રીતે મુદ્દામાલ વાહનની કોઇ જરૂરીયાત ન હોય તે રજુઆતને ધ્યાને રાખીને હાલના તબક્કે મુદ્દામાલ વાહન સંબંધી હુકમ કરવો જરૂરી જણાય છે.

(૪) આ કામે મુદ્દામાલ વાહનની માલિકી બાબતે અરજદારે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો, **અરજદારના આધાર કાર્ડની નકલ, મુદ્દામાલ વાહનની આર.સી. બુકની નકલ, એફ.આઈ.આર.ની નકલ** તથા **બેંકના સ્ટેટમેન્ટની નકલ** રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, મુદ્દામાલ વાહનના માલિક અરજદાર હોવાનું ફલિત થાય છે.

(૫) અરજદારના વિદ્વાન વકિલશ્રી એ અરજી મુજબની દલીલો કરી જણાવેલ છે કે, બેંકને નોટીસ કરતા હાજર થઇ કોઇ વાંધો લીધેલ નથી, બેંકના હપ્તા અરજદાર ભરે છે. તેમજ મુળ ફરીયાદી તરફે અરજદારને મુદ્દામાલ વાહન પરત આપવા સામે વાંધો ન હોવાનું જણાવેલ છે તથા અન્ય કોઇએ મુદ્દામાલ વાહનની માંગણી કરેલ નથી. ત્યારે અરજદારને મુદ્દામાલ વાહન પરત સોંપવાની રજુઆત કરેલ છે. આ કામના આરોપી નં.૪ ના વિદ્વાન વકિલશ્રી એ પોતાની દલીલોમાં જણાવેલ છે કે, અરજદારે ફરીયાદીને ગાડી વેચેલ છે, તેનું નોટરી રૂબરૂનું લખાણ છે અને હપ્તા ફરીયાદી એટલે કે, ધર્મેશભાઇએ ભરવા તેવુ લખાણ છે અને ફરીયાદીએ અમોને લખાણ કરી

આપી, સદર મુદ્દામાલ વાહન ક્રેટા મોટરકાર અમોને વેંચેલ છે. પરંતુ, આર.સી. બુકમાં નામ ટ્રાન્સફર કરાવવા સહકાર આપેલ નથી. ફરીયાદી પર ઘણા બધા ગુનાઓ છે, છેતરપીંડી તથા મની લેન્ડીંગ ગુનાઓ નોંધાયેલા છે. જ્યારે અમારી પાસેથી પૈસા લઇ, અમોને મોટરકાર ન આપવી પડે તે માટે ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીને રૂા.૯૦,૦૦૦/- પુરાની રકમ ટ્રાન્સફર કર્યાનું જણાવે છે, તે અન્ય આરોપીના ખાતામાં ટ્રાન્સફર કરેલ છે. ફરીયાદી દરેક મુદ્દતે હાજર રહેલ છે અને અરજદારના બદલે ફરીયાદીને સદર મુદ્દામાલ વાહન ક્રેટા મોટરકાર છોડાવવામાં રસ છે. આ વાહન છોડવામાં આવશે તો તેના આધારે બીજા વેચાણ કરાર થશે અને સદર મુદ્દામાલ વાહન ક્રેટા મોટરકાર રાખવાથી અરજદારને નુકશાન નથી. આથી, અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૬) આ કામે અરજદારના નામ પર મુદ્દામાલ વાહન રજીસ્ટર્ડ થયેલ છે. સદર મુદ્દામાલ વાહન અરજદારને આપવા સામે ફરીયાદીને વાંધો નથી. તેમજ આ કામના આરોપી નં.૪ નાઓ તરફે વાંધા સાથે ફરીયાદીએ સદર મુદ્દામાલ વાહન ક્રેટા મોટરકારનું વેચાણ આરોપી નં.૪ ને કરતા હોવાનું લખાણ કરી આપેલ છે. પરંતુ, સદર મુદ્દામાલ વાહન ફરીયાદીના નામ પર જ નથી. તેમજ આ કામના આરોપી નં.૪ નાએ વાહનની કોઇ માંગણી કરેલ નથી. સદર મુદ્દામાલ વાહનની આર.સી. બુકમાં અરજદારનું નામ ચાલે છે. તેમજ બેંક તરફથી પણ કોઇ વાંધા તકરાર આવેલ નથી. તેવા સમયે આ કેસ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય, ત્યારે કેસ પુરો થતા સુધી સદર મુદ્દામાલ વાહન મુદ્દામાલ તરીકે લાંબો સમય કસ્ટડીમાં રાખી શકાય નહીં. આથી, આ કામના આરોપી નં.૪ ના વાંધાઓ મંજુર કરી શકાય નહીં. આ કેસની ઈન્સાફી કાર્યવાહી ચાલતા વધુ સમય લાગી શકે તેમ છે. જ્યારે અરજદાર તરફથી ઉપરોક્ત દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, મુદ્દામાલ વાહન અરજદારની માલિકીનું હોવાનું રજુ રેકર્ડ જોતા, પ્રાથમિક રીતે સ્પષ્ટ જણાઇ આવે છે. વધુમાં, સદર મુદ્દામાલ વાહન ન સોંપવાથી ફરીયાદપક્ષની ઈન્સાફી કાર્યવાહીને પણ અસર થાય તેમ જણાતુ નથી. વધુમાં, સદર કામે અરજદાર ની અરજીની હકીકત તથા ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લેતા તેમજ અરજદાર

તરફે મુદ્દામાલ વાહનની આર.સી. બુકની નકલ તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, અરજદાર વાહનના માલિક અને કબ્જેદાર હોવાનું પુરવાર થાય છે. જો સદર મુદ્દામાલ વાહન વચગાળાની કસ્ટડી સ્વરૂપે અરજદારને પરત સોંપવામાં નહીં આવે તો સદરહુ મુદ્દામાલ વાહન લાંબો સમય પોલિસ સ્ટેશનમાં પડી રહેવાથી તેની મશીનરી ખોટકાઇ જાય અને સ્પેર પાર્ટસ નકામા થઇ જવાથી અરજદારને મોટું આર્થિક નુકશાન થાય તેવી સંભાવના હોવાનું તથા અરજદારની આજીવીકાને અસર થવાનું ફલીત થાય છે તેવા સંજોગોમાં મુદ્દામાલ વાહન આ કામના અરજદાર ની માલિકીનું આવેલ હોય. વધુમાં, **૨૦૦૩(૧) જી.એલ.આર. સુંદરભાઇ અંબાલાલ દેસાઇ વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, પાના નં.૩૦૭.**

– ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેતા તથા Abhay Shrenikbhai Gandhi – Applicant Versus State of Gujarat – Respondent Special Criminal Application (Possession of Muddamal) No.7108 of 2015, Decided On : 08-12-2015.

– ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેતા, The object and scheme of the various provisions of the Code appear to be that where the property which has been the subjectmatter of an offence is seized by the police, it ought not to be retained in the custody of the Court or of the police for any time longer than what is absolutely necessary. As the seizure of the property by the police amounts to a clear entrustment of the property to a Government servant, the idea is that the property should be restored to the original owner after the necessity to retain it ceases. It is manifest that there may be two stages when the property may be returned to the owner. In the first place it may be returned during any inquiry or trial. This may particularly be necessary where the property concerned is sought to speedy or natural decay. There may be other compelling reasons also which may justify the disposal of the property to the owner or otherwise in the interest of justice...

– ઉપર પ્રકાશિત થયેલ ચુકાદામાં સદર પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત

ને ધ્યાને લેતા, કાયદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ મુદ્દામાલ તેના ખરા અને સાચા માલિકને શરતોને આધિન તેમજ જરૂરી બોન્ડ લઇને વચગાળાની કસ્ટડી સ્વરૂપે પરત સોંપવામાં આવે તો, ન્યાયનો હેતુ જળવાય રહેશે તેમ આ કોર્ટનું માનવુ છે. જેથી અરજદારની અરજી મંજુર કરીને ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(અ) અરજદારની **ગોંડલ સીટી બી–ડીવીઝન પોલિસ સ્ટેશન એ–પાર્ટ ગુ.રજી.નં.૧૧૨૧૩૦૯૪૨૬૦૨૯૮/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૫૪ તથા મની લેન્ડ એક્ટ કલમ –૫, ૪૦, ૪૨** મુજબના કામે પોલિસ મુદ્દામાલ તરીકે કબ્જે લીધેલ મુદ્દામાલ વાહન **HYUNDAI MOTOR INDIA LTD.** કંપનીની **મોટરકાર** છે. જેનું મોડેલ **CRETA 1.4 CRDi, Colour- P-WHITE** નું છે અને જેના **રજીસ્ટ્રેશન નં.GJ-01-RV-4896** છે અને જેના **એન્જીન નં.D4FCGM174447** તથા **ચેસીસ નં.MALC181RLGM158867** છે, જે મુદ્દામાલ વાહન વચગાળાના સમય માટે પરત મેળવવાની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(બ) **ગોંડલ સીટી બી–ડીવીઝન પોલિસ સ્ટેશન એ–પાર્ટ ગુ.રજી. નં.૧૧૨૧૩૦૯૪૨૬૦૨૯૮/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૫૪ તથા મની લેન્ડ એક્ટ કલમ–૫, ૪૦, ૪૨** મુજબના કામે પોલિસે મુદ્દામાલ તરીકે કબ્જે લીધેલ મુદ્દામાલ વાહન **HYUNDAI MOTOR INDIA LTD.** કંપનીની **મોટરકાર** છે. જેનું મોડેલ **CRETA 1.4 CRDi, Colour- P-WHITE** નું છે અને જેના **રજીસ્ટ્રેશન નં.GJ-01-RV-4896** છે અને જેના **એન્જીન નં.D4FCGM174447** તથા **ચેસીસ નં. MALC181RLGM158867** છે. જેનું વર્ણન મુદ્દામાલ પાવતીમાં કરેલ છે, તેની મુદ્દામાલ પાવતીમાં જે કિંમત દર્શાવેલી છે તે રકમની દોઢી રકમના જામીન / બોન્ડ અરજદાર **રૈયાણી દીવ્યેશ ખોડાભાઇ, રહે. સરદાર ચોક, પ્લોટ વિસ્તાર, વેજાગામ, રાજકોટ** નાએ કરી આપ્યેથી સદરહુ મુદ્દામાલ વાહન અરજદારને આ કેસનો આખરી નિકાલ થતા સુધી વચગાળાની કસ્ટડીથી નીચેની શરતોને આધિન પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

**<u>:: શ ર તો ::</u>**

(૧) કેસનો નિકાલ થતા સુધી મુદ્દામાલ વાહન કોર્ટ જ્યારે ફરમાવે ત્યારે અરજદારે સ્વખર્ચે કોર્ટમાં રજુ કરવાનો રહેશે.

(૨) કેસનો નિકાલ થતા સુધી મુદ્દામાલ વાહનનો આવા પ્રકારના કોઈપણ ગુનાહિત કૃત્યમાં ઉપયોગ કરવો–કરાવવો નહીં, અન્યથા સદર વાહન ખાલસાની કાર્યવાહીને પાત્ર ઠરશે.

(૩) કેસનો નિકાલ થતા સુધી મુદ્દામાલ વાહનના મુળ રંગ, સ્વરૂપ કે યાંત્રીકમાં કોઈ જાતનો કાયમી સ્વરૂપનો ફેરફાર કરવો–કરાવવો નહીં.

(૪) સદર મુદ્દામાલ વાહન કેસનો આખરી નિકાલ થતા સુધી અત્રેની નામદાર કોર્ટની પરવાનગી વગર અન્ય કોઈ વ્યકિતને વેચાણ, ગીરો, એસાઈન, બક્ષિસ કે ટ્રાન્સફર કરવુ–કરાવવુ નહીં કે અન્ય કોઈને કબ્જો સોંપવો નહીં તેમજ હાલની શરતો ભંગ થયેથી નામદાર કોર્ટ દ્વારા સદર મુદ્દામાલ વાહન પરત કબ્જે કરવામાં આવશે.

(૫) સદરહુ મુદ્દામાલ વાહનની વિમા પોલિસી દિન–૦૭ માં તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવી.

(૬) ઉપરોક્ત શરતોને આધિન ઉપર મુજબના બોન્ડ રજુ કર્યેથી પોલિસે મુદ્દામાલ વાહનના રંગીન ફોટોગ્રાફ સહિત વિગતવારનું પંચનામું કરીને મુદ્દામાલ વાહન અરજદારને પરત સોંપી આપીને તે બાબતનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

(૭) આ બાબતના બોન્ડ અરજદારે પોલિસ સ્ટેશને આપવાના રહેશે.

(૮) પોલિસે અસલ બોન્ડ અત્રેની કોર્ટમાં તાકીદે મોકલી આપવા.

(૯) સદર મુદ્દામાલ વાહનની અરજી સાથેના તમામ પેપર્સ ચાર્જશીટ રજુ થયેથી તેની સાથે સામેલ રાખવા.

- સદરહુ હુકમ અંગે જરૂરી યાદી પોલિસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તારીખ–**૧૨ મી,** માહે–**જુન,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ગોંડલ.
તારીખ : ૧૨/૦૬/૨૦૨૬

**(શક્તિસિંહ ધનશ્યામભાઇ ચાંચુ)**
એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ. **(GJ00885)**